# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગંગટોકમાં સિક્કિમ પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ અર્પણ કરશે
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત મિશનમાં નિયમિત દેખરેખ, જનભાગીદારી અને વિવિધ લાભાર્થીઓ સાથે સંકલન દ્વારા નક્કર પરિણામો સુનિશ્ચિત કરવા જણાવ્યું
3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે - અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
4) કેન્દ્રીય કૃષિ મંત્રી આજે નવી દિલ્હીમાં ખરીફ અભિયાન 2026 માટે કૃષિ પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે
5) પશ્ચિમ બંગાળ સરકારે ભારત-બાંગ્લાદેશ સરહદ પર ચોકીઓ અને કાંટાળા તારની વાડ લગાવવા 142.79 એકર જમીન સરહદ સુરક્ષા દળને સોંપી
6) દેશના વિવિધ ભાગોમાં આજે ઈદ અલ-અઝહા ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહી છે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PREZ – SIKKIM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગંગટોકના પાલજોર સ્ટેડિયમ ખાતે સિક્કિમ પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ અર્પણ કરશે. સિક્કિમ આ પુરસ્કાર મેળવનાર દેશનું 15મું અને ઉત્તરપૂર્વમાં ત્રીજું રાજ્ય બનશે.

રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજએ દેશના કોઈપણ પોલીસ દળને આપવામાં આવતો સર્વોચ્ચ ઔપચારિક સન્માન છે. જે અસાધારણ સેવા, અટલ શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણને દર્શાવે છે.

સિક્કિમ પોલીસના 400 ગૌરવશાળી સૈનિકો એક વરિષ્ઠ પોલીસ અધિક્ષક-સ્તરના અધિકારીની આગેવાની હેઠળ રાષ્ટ્રપતિ સમક્ષ પરેડ કરશે.

આ સન્માન સિક્કિમ પોલીસના બહાદુર સૈનિકો દ્વારા જનતાની સેવા અને રાજ્યનું રક્ષણ કરવામાં દર્શાવવામાં આવેલી પ્રતિબદ્ધતા, બલિદાનને ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ છે.

# PM – PRAGATI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કાના અસરકારક અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું કે આ અભિયાન ફક્ત માળખાગત સુવિધા પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ, પરંતુ નિયમિત દેખરેખ, જનભાગીદારી અને વિવિધ લાભાર્થીઓ સાથે સંકલન દ્વારા નક્કર પરિણામો સુનિશ્ચિત કરવા જોઈએ.

નવી દિલ્હીમાં 51મી પ્રગતિ બેઠકની અધ્યક્ષતા કરતા પ્રધાનમંત્રીએ રાજ્યોને કચરાના  વ્યવસ્થાપન સાથે જોડાયેલી યોજના અને ગોબર્ધન પ્લાન્ટના નિર્માણ જેવા કચરાના વ્યવસ્થાપન પ્રોજેક્ટ્સને વેગ આપવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ નવ રાજ્યોમાં રેલ્વે, વીજળી અને માર્ગ ક્ષેત્રોમાં આશરે ત્રીસ હજાર કરોડના સાત મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી.

## (VC – અનુપમ મિશ્ર)

બેઠકની શરૂઆતમાં કેબિનેટ સચિવે માહિતી આપી હતી કે પ્રધાનમંત્રીના નિર્દેશો અનુસાર રાજ્ય સ્તરે સામાજિક ક્ષેત્રની યોજનાઓ માટે માસિક સમીક્ષા પ્રણાલી પણ શરૂ કરવામાં આવી છે. આ પદ્ધતિનો ઉદ્દેશ્ય નિયમિત દેખરેખ, અમલીકરણના મુદ્દાઓનું ઝડપી નિરાકરણ અને રાજ્ય અને જિલ્લા સ્તરે વધુ જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. આ પહેલ હેઠળ, સ્વચ્છ ભારત મિશનની પ્રથમ વખત રાજ્ય સ્તરે સમીક્ષા કરવામાં આવી રહી છે.

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે છે. મુલાકાત દરમિયાન શ્રી શાહ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આશરે 12 જાહેર ઉપયોગિતા, શિક્ષણ અને ગ્રામીણ માળખાકીય સુવિધાઓના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. અમારા સંવાદદાતા અપરાં ખૂંટનો અહેવાલ સાંભળીએ

**(VC – અપર્ણા ખૂંટ)**

# JAISHANKAR-CYPRUS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર યુરોપિયન સંઘના વિદેશ મંત્રીઓની અનૌપચારિક બેઠક - જીમ્નિચમાં ભાગ લેવા માટે સાયપ્રસ પહોંચ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદેશ મંત્રીએ યુરોપિયન કમિશનના ઉપ-પ્રમુખ કાજા કલ્લાસ અને સાયપ્રસના વિદેશ મંત્રી ડૉ. કોન્સ્ટેન્ટિનોસ કોમ્બોસનો આમંત્રણ બદલ આભાર માન્યો.

# CHOUHAN - KHARIF CAMPAIGN

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે નવી દિલ્હીમાં ખરીફ અભિયાન 2026 માટે કૃષિ પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. બે દિવસીય આ કાર્યક્રમમાં વિષયોની ચર્ચાઓ, રાજ્યવાર ભાગીદારી અને મહત્વપૂર્ણ કૃષિ અને સંબંધિત મુદ્દાઓ પર પ્રસ્તુતિઓનો સમાવેશ થશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરિષદનો ઉદ્દેશ્ય આગામી ખરીફ ઋતુ માટે વ્યૂહરચના અંગે ચર્ચા કરવાનો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરિષદમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો, ભારતીય કૃષિ સંશોધન પરિષદ, કૃષિ સંસ્થાઓ અને અન્ય હિતધારકો ભાગ લેશે.

આ કાર્યક્રમ ખરીફ ઋતુની તૈયારી, કૃષિ ઉત્પાદકતા, હવામાનની અસરને પહોંચી વળવા માટે આબોહવા-સ્થિતિસ્થાપક ખેતી, કુદરતી ખેતી, કઠોળ અને તેલીબિયાં ઉત્પાદન, ડિજિટલ કૃષિ અને જોખમ વ્યવસ્થાપન પર કેન્દ્રિત ચર્ચાઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WB – FENCING

પશ્ચિમ બંગાળ સરકારે ભારત-બાંગ્લાદેશ સરહદ પર ચોકીઓ અને કાંટાળા તારની વાડ લગાવવા 142.79 એકર જમીન સરહદ સુરક્ષા દળને સોંપી છે. આ નિર્ણય ભારતીય જનતા પાર્ટી સરકારની 11 મેના રોજની પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર છે, જેમાં સરહદ પર વાડ અને સંબંધિત માળખાગત પ્રોજેક્ટ્સ માટે 45 દિવસમાં 600 એકર જમીન ટ્રાન્સફર કરવાનો સમાવેશ થાય છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં મુખ્યમંત્રી સુભેંદુ અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ સરકારે સરહદ સુરક્ષા દળ ચોકીઓ અને કાંટાળા તારની વાડના નિર્માણને સરળ બનાવીને સરહદ સુરક્ષાને મજબૂત બનાવવા માટે સઘન પગલાં શરૂ કર્યા છે, જે સરહદી વિસ્તારોમાં સુરક્ષાને વધુ વધારશે. તેમણે નવ જિલ્લાઓમાં દળને ટ્રાન્સફર કરાયેલી જમીનનો વિગતવાર ચાર્ટ પણ શેર કર્યો. પ્રથમ તબક્કામાં 43 એકર જમીન સંપાદિત કરવા અને પાંચ જિલ્લાઓમાં નિયુક્ત 31.9 એકર જમીન માટે મંજૂરીના આદેશો વીસમી મેના રોજ દળને સોંપવામાં આવ્યા હતા. પશ્ચિમ બંગાળ બાંગ્લાદેશ સાથે બે હજાર 217 કિલોમીટરની સરહદ ધરાવે છે, જે ભારત સાથેની સૌથી લાંબી સરહદ છે. શ્રી અધિકારીના જણાવ્યા મુજબ, રાજ્યમાં લગભગ સોળસો કિલોમીટર સરહદ પર વાડ લગાવવામાં આવી છે, જ્યારે લગભગ 600 કિલોમીટર હજુ પણ વાડ વગરની છે.

# EID-UL-AZHA

દેશના વિવિધ ભાગોમાં આજે ઈદ અલ-અઝહા ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહી છે. તેને બકરી ઈદ તરીકે પણ ઓળખવામાં આવે છે. સવારથી જ મુસ્લિમ સમુદાયના લોકો મસ્જિદો અને ઈદગાહોમાં ખાસ નમાઝ માટે પહોંચી રહ્યા છે.

શાંતિપૂર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં, જામા મસ્જિદ વિસ્તારની આસપાસ મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.

# PREZ - EID UZ ZUHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઈદ અલ-અઝહા બકરી ઈદ નિમિત્તે મુસ્લિમ સમુદાયના લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સંદેશમાં તેમણે કહ્યું કે આ તહેવાર ભક્તિ, બલિદાન અને નિઃસ્વાર્થતાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે આ તહેવાર નાગરિકોને માનવતા, ખાસ કરીને વંચિતોની સેવા કરવા પ્રેરણા આપે છે. તેમણે નાગરિકોને સમાજમાં પ્રેમ અને સંવાદિતાને પ્રોત્સાહન આપવાના તેમના સંકલ્પને મજબૂત બનાવવા વિનંતી કરી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઊંધાડ

- આજના મોટાભાગના અખબારોમાં કેરળમાં વિજયનના ઘરે ઈડીએ પાડેલા દરોડા, ઈસીને SIRની કામગીરીનો અધિકાર..કચ્છના કાંઠેથી ડ્રગ્સ ઘૂસાડવાના ષડયંત્રનો પર્દાફાશ જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે..
- ગુજરાત સમાચારની હેડલાઈન છે કેરળમા વિજયનના ઘરે દરોડા-ઈડી પર પથ્થરમારો..
- સંદેશ પ્રથમ પાંને લખે છે ECને SIRની કામગીરીનો અધિકાર- સુપ્રીમ...
- ફૂલછાબની હેડલાઈન છે કચ્છના કાંઠેથી ડ્રગ્સ ઘૂસાડવાના ષડયંત્રનો પ્રર્દાફાશ..
- ઈરાનની શરતો સામે ટ્રમ્પ જિદે ભરાતા શાંતિ મંત્રણા ફરી અટકાવાઈ આ હેડલાઈન છે નવગુજરાત સમયની...
- દિવ્ય ભાસ્કર છેલ્લા પાને લખે છે નહેરૂનગરમાં સ્ટોલ વિવાદમાં નિવૃત DYSPએ પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું.. ઈસ્કોન બ્રિજ પર કારથી 9 લોકોનો જીવ લેનાર તથ્ય પટેલને પોણા ત્રણ વર્ષે સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા..
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો દિયોદરમાં તાલુકા પંચાયતમાં ફરીવાર SDM એ ચૂંટણી ટાળી, વિરોધ સામે DMનું જાહેરનામું... ગુજરાતમા ઈબોલા વાયરસનો પ્રથમ શંકાસ્પદ કેસ, વિદેશી નાગરીક અમદાવાદ સિવિલમાં દાખલ..